જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૧/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૭૯૬૭	૨૪૯	૭૮૨૧૬	૭૯૦૫૮	૨૩૪	૭૯૨૯૨
કુલ		૯૪૫૬૫	૨૪૯	૯૪૮૧૪	૧૦૩૫૮૭	૨૩૪	૧૦૩૮૨૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૧	૫,૫૦,૯૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૧૦	૧૪,૧૦,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નિકોલ પોલીસ સ્ટેશન

વાહન ચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને ચોરી કરેલ બજાજ પલ્સર મો.સા સાથે ઝડપી પાડતી નિકોલ પોલીસ

આધારે અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તરફથી મિલ્કત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય, મે.ના.પો.કમિ.શ્રી ઝોન-૫ સા.નાઓએ સુચના અનુસંધાને હકિકત મેળવી યોગ્ય કાર્યવાહી કરવા સુચના કરતા, મે.મ.પો.કમિ. શ્રી"આઈ" ડિવી.અમદાવાદ શહેરનાઓના સીધા માર્ગદર્શન હેઠળ P.I.વી.ડી.ઝાલાનાઓએ સુચના કરતા સર્વેલન્સ સ્કોર્ડના ઈન્ચાર્જ PSI પી.જે.ખાંટ નાઓ સ્ટાફના HC. સંજયકુમાર નાથાલાલ, PC.રવિરાજસિંહ કાનજીભાઈ, LR. અજયકુમાર મીઠાભાઈ, સાથે નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન PC. રવિરાજસિંહ કાનજીભાઈ,નાઓને બાતમી હકિકત મળેલ કે, " એક ઈસમ જેણે શરીરે મેહેદી કલરનું જેકેટ તથા બીજા ઈસમે કાળા કલરનું જેકેટ પહેરેલ બંન્ને ઈસમો કોઈ જગ્યાએથી ચોરી અગર છળકપટથી મેળવી લઈ આવેલ પોતાના કબ્જાની બજાજ પલ્સર 220 કાળા બલ્યુ કલરનું લઈ ફરતા ફરે છે અને હાલ તેઓ બન્ને જણા બજાજ પલ્સર બાઈક સાથે હરીદર્શન ચાર રસ્તા પાસે આવેલ સેલ્બી હોસ્પીટલની પાછળ આવેલ ખુલ્લા મેદાનમાં ઉભા છે." વિગેરે મતલબની બાતમી હકિકત આધારે (૧) દિર્ઘ ઉર્ફે વીર S/o સુરેશભાઈ પટેલીયા ઉવ.૨૨ રહેવાસી:મ.નં.ડી/૧૦૪, આમ્રપાલી (ઔડાના મકાન), દાસ્તાન સર્કલ પાસે, એસ.પી.રીંગ રોડ, નિકોલ અમદાવાદ શહેર. તથા નં.(૨) મયુર S/o ઈશ્વરલાલ રાવત ઉવ.૨૫ રહેવાસી:મ.નં.ઈ/૦૦૧, વૃદાવન રેસીડન્સી, વિઠ્ઠપ્લાઝા કોમ્પ્લેક્ષની બાજુમાં નરોડા અમદાવાદ શહેર નાઓને ચોરી કરેલ બજાજ પલ્સર મો.સા જેનો ચે. નં:16868 તથા એન્જી.નં: 67868 કિ.રૂ.૬૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી શાહિબાગ પોલીસ સ્ટેશન ગુન્હા રજી નંબર:A-11191015220041/2022 ઈપીકો કલમ:૩૭૯ મુજબનો ગુન્હો ડીટેકટ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૫૮ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૭૬/૨૦૨૨**

એરપોર્ટઃ વંશિકાબહેન કિશનચંદ ખિયાની (રહે. આશુતોષ એવન્યુ આર એલીજન્સ ફલેટ પાસે હાંસોલ સરદારનગર) એ તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૧૦/૦૧/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૮૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૭૭/૨૦૨૨**

ઈસનપુરઃ જયોતીબહેન વા/ઓ મુકેશભાઇ ખાટસુરીયા (ઉ.વ.૫૪) (રહે. બાલાજી એન્કલેવ રામવાટીકા સામે નરોડા) એ તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૧/૨૦૨૨ કલાક ૯/૪૫ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા થી નારોલ સર્કલ બી.આર.ટી.એસ બસ સ્ટોપ સુધી બી.આર.ટી.એસ.બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ જયોતિબહેનના ગળામાંથી સોનાનું મગંળસુત્ર કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૭૮/૨૦૨૨**

ચાંદખેડાઃ મહેશકુમાર ભીખાભાઈ નાયક (ઉ.વ.૨૪) (રહે. ઈન્દિરાનગર નયકવાસ રબારીવાસ પાસે ત્રાગડ સાબરમતી) તા.૧૧/૦૧/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યાથી કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન ત્રાગડ પાણીની ટાંકી પાસે પોલ નં-૭૭૩/૩૦ થી ૭૭૩/૩૨ ની વચ્ચે ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ જયંતીભાઈ ચલાવે છે.

ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૭૯/૨૦૨૨**

દાણીલીમડાઃ દાણીલીમડા બોમ્બે હોટલ આલા હજરત મસ્જીદ પાછળ કુરહા રો હાઉસ ખાતે રહેતા લિયાકતઅલી રહેમતઅલી રંગરેઝ (ઉ.વ.૨૯) નો બે વર્ષનો પુત્ર આહીલઅલી દાણીલીમડા બોમ્બે હોટલ હરીયાળીનગર મહેર રો હાઉસ ખાતે સાસરીમાં તા.૧૦/૦૧/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે રમતા રમતા ધાબા ઉપરથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને બારસો બેડ ટ્રોમા વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૧/૨૦૨૨ સવારના ૪/૦૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ગોહીલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૮૦/૨૦૨૨**

વેજલપુરઃ કાર્તીકભાઇ મનહરભાઇ કાપડીયા (ઉ.વ.૨૯) (રહે. સમ્યક એપાર્ટમેન્ટ સુલેય રેસીડેન્સી સામે બકેરી સીટી મકરબા રોડ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૨ બપોરના ૩/૩૦ થી ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ મણીલાલ ચલાવે છે.

કૃષ્ણનગરઃ વર્ષાબહેન શૈલેશભાઈ સાધુ (ઉ.વ.૪૬) (રહે. મુરલીધર સોસાયટી કઠવાડા રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.અસારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.